# શિક્ષણ



"નિરક્ષરતાને કરવી છે મ્હાત,
પ્રજાજનોને લીધે છે સાથ,
મિલાવી કદમ, લઈ હાથમાં હાથ,
બનાવીશું આપણે,
'શિક્ષિત ગુજરાત'

કોઈપણ રાષ્ટ્રના લોકોનું જીવનધોરણ સુધારવા માટે શિક્ષણ પર ભાર મુકવો ખૂબ આવશ્યક છે. શિક્ષણથી બીજા ક્ષેત્રો જેવાં કે આરોગ્ય, રોજગાર, બાળ વિકાસ, મહિલા વિકાસ વિગેરેનો પણ પ્રાપ્ત કરી શકાય છે. શિક્ષણના બહુમુખી લાભો જોતાં આ ક્ષેત્રમાં કરેલું મૂડી રોકાણ અનેકગણું વળતર આપવાની ક્ષમતા ધરાવે છે. શિક્ષણ ફક્ત લોકોનું જીવનધોરણ સુધારતુ નથી, પણ તે પ્રગતિની તકો પણ પૂરી પાડે છે. વ્યક્તિગત વિકાસ અને પ્રગતિની એટલી તકો અશિક્ષિત વ્યક્તિને પ્રાપ્ત થતી નથી જેટલી એક શિક્ષિત વ્યક્તિને ઉપલબ્ધ થાય છે.

રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શિક્ષણને અગ્રતા આપવામાં આવેલ છે. પ્રાથમિક શિક્ષણ એ શિક્ષણના પિરામીડનો પાયો છે. ૬ થી ૧૪ વર્ષની વયજુથના તમામ બાળકને મફત અને ફરજિયાત શિક્ષણ આપવાની રાજ્ય સરકારની જવાબદારી છે. પ્રાથમિક શિક્ષણની પ્રવેશ તથા સ્થાયીકરણની યોજનાઓ પર વધું ભાર મુકવામાં આવેલ છે.

રાજ્યમાં સાક્ષરતા દર (૦-૬ વય જૂથના બાળકોને બાદ કરતાં) વર્ષ ૨૦૦૧માં ૬૯.૧૪ ટકાથી વધીને વર્ષ ૨૦૧૧માં ૭૯.૩૧ થયેલ હતો. પુરૂષોની બાબતમાં આ દર વર્ષ ૨૦૦૧માં ૭૯.૬૬ ટકાથી વધીને ૨૦૧૧માં ૮૭.૨૩ ટકા થયેલ હતો. જ્યારે સ્ત્રીઓની બાબતમાં તે વર્ષ ૨૦૦૧માં ૫૭.૮૦ ટકાથી વધીને વર્ષ ૨૦૧૧માં ૭૦.૭૩ ટકા થયેલ હતો. ગ્રામ્ય વિસ્તારોમાં સાક્ષરતા દર ૭૩ ટકા અને શહેરી વિસ્તારોમાં ૮૭.૫૮ ટકા હતો. રાજ્યમાં ૨૬ જિલ્લાઓ કે જ્યાં વસતિ ગણતરી ૨૦૧૧ માં હાથ ધરવામાં આવી હતી, તેમાં સૌથી વધુ સાક્ષરતા અમદાવાદ જિલ્લામાં ૮૬.૬૫ ટકા તથા સૌથી ઓછી સાક્ષરતા ૬૦.૬૦ ટકા દાહોદ જિલ્લામાં નોંધાયેલ હતી.

<u>રાજ્યનો અસરકારક સાક્ષરતા દર (૦-૬ વય જૂથના બાળકોને બાદ કરતાં)</u>







વિઝન-૨૦૧૦માં નિર્ધારિત કરવામાં આવેલ લક્ષ્યાંક અનુસાર વર્ષ ૨૦૦૫નાં અંત સુધીમાં ધોરણ ૧ થી ૫ માં ૧૦૦ ટકા સ્થાયીકરણ અને વર્ષ ૨૦૧૦નાં અંત સુધીમાં ધોરણ ૭ સુધીમાં ૧૦૦ ટકા સ્થાયીકરણ હાંસલ કરવા આયોજન કરવામાં આવેલ છે. સમગ્ર રાજ્યમાં વાલી શિક્ષણ મંડળ, માતા શિક્ષણ મંડળ તથા ગ્રામ્ય શિક્ષણ સમિતિની રચના થઈ ગયેલ છે. આ ઉપરાંત **‘શાળા પ્રવેશોત્સવ’** - **‘કન્યા કેળવણી રથ’** જેવા કાર્યક્રમથી લોકભાગીદારી વધવા પામેલ છે. તેમજ ઉત્સાહ પ્રેરક યોજનાઓ જેમ કે **‘વિદ્યાદીપ યોજના’**, **‘વિદ્યાલક્ષ્મી’** યોજનાઓ સફળતાપૂર્વક અમલમાં મુકવામાં આવેલ છે. રાજ્યમાં અગરિયા અને અન્ય બાળકો માટે સહાયક શાળાઓ અને મોસમી છાત્રાલયો, મોડેલ શાળાઓ, કોમ્પ્યુટરાઈઝેશન પ્રોજેક્ટ,

કમ્પાઉન્ડ વોલ જેવી યોજનાઓ શરૂ કરવામાં આવેલ છે જેના દ્વારા શાળાની ભૌતિક સુવિધા અને વાતાવરણમાં અચૂક સુધારો થઈ રહેલ છે. રાજ્ય સરકારના આવા અનેક ઘનિષ્ઠ પ્રયત્નોના કારણે ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૧ થી ૭માં શાળા છોડી જવાનો દર જે વર્ષ ૨૦૦૮-૦૯ના અનુક્રમે ૨.૨૯ અને ૮.૮૭ હતો તે વર્ષ ૨૦૧૦-૧૧ના અંતે અનુક્રમે ૨.૦૯ અને ૭.૯૫ જેટલો નીચો લાવવામાં સફળતા મળેલ છે.

વધુમાં, રાજ્ય સરકાર દ્વારા આ દિશામાં અનેક પ્રશંસનીય પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે અને વિદ્યાસહાયકોની નિમણૂંક, શિક્ષકોની ખાલી જગ્યા ભરવી, શિક્ષણની ગુણવત્તા સુધારવી, નવી શાળાઓ શરૂ કરવી અને સુવિધાઓ પુરી પાડવી, શિક્ષકોને તાલીમ વિગેરે કામગીરી કરવામાં આવેલ છે.

શાળાએ માત્ર માળખું કે મકાન જ નથી બાળકો માટે તે અધ્યયન અને વૃધ્ધિ પામવાનું એક ખાસ મહત્વનું સ્થળ છે. આ એક એવુ સ્થળ છે જ્યાં તેમનાં વિચારોનું ઘડતર થાય છે. અહીં તેમની મૌલિકતા ખીલે છે. અહીં બાળકોને પ્રશ્નો પેદા કરવા અને તેના ઉત્તરો મેળવવા માટે પ્રેરવામાં આવે છે. તેમની સમસ્યાઓથી  બાળકોને ઓળખતા થાય છે અને તેમના ઉકેલ શોધવાના પ્રયત્નો કરે છે. શાળામાં જ બાળકોમાં પર્યાવરણ સાથેનું તાદાત્મ્ય સધાય છે અને તેમના ભાવિને દિશા મળે છે. આમ શાળાની જવાબદારી ઘણી બધી છે. આ યોજનામાં પૂરતી માળખાકીય તેમજ શૈક્ષણિક સવલતો સાથે બાળકો મુક્ત રીતે કરી શકે તેવી પ્રવૃત્તિઓ પુરી પાડવાનું વિચારવામાં આવ્યુ છે. આનાથી બાળકો શાળાએ જવા પ્રેરાશે અને બાળકોનું નામાંકન વધશે અને શાળામાં સ્થાયીકરણનો જદર વધશે. આવી નમૂનારૂપ (મોડેલ) શાળાઓ તૈયાર કરવાની યોજના માટે ૧૧મી પંચવર્ષીય યોજના દરમ્યાન ૧૦૦૦ શાળાઓને આવરી લેવામાં આવેલ છે.

પ્રારંભિક શિક્ષણના સાર્વત્રિકરણ કરવાના પ્રયાસ હેઠળ, ક્યારેય નામાંકન નહી કરાયેલ, તેમજ અધવચ્ચે અભ્યાસ છોડનાર બાળકોને શાળેય શિક્ષણ અથવા વૈકલ્પિક શાળા શિક્ષણ વ્યવસ્થા હેઠળ આવરી લેવામાં વિચારવામાં આવ્યુ છે. વર્તમાન સમયમાં શાળેય શિક્ષણ મેળવતા બાળકો તેમજ વૈક્લિપ્ક શાળા શિક્ષણ મેળવતા દરેક બાળકોનું વ્યવસ્થિત કોમ્પ્યુટરાઈઝડ ડેટાબેઝ માહિતી તૈયાર કરી, આ તમામ બાળકોનું નિરિક્ષણ કરવું જરૂરી છે. બાળકની આ વ્યક્તિગત કોમ્પ્યુટરાઈઝડ ડેટાબેઝ માહિતી બહુવિધ કક્ષાએ ઉપયોગ કરીને બાળકની શૈક્ષણિક પ્રગતિ જાણવા અસરકારક રીતે ઉપયોગ કરી શકાય. આ વ્યક્તિગત કોમ્પ્યુટરાઈઝડ ડેટાબેઝ માહિતી દ્વારા બાળકની વ્યક્તિગત ઓળખ તેમજ બાળકના શૈક્ષણિક

પ્રગતિને લગતી માહિતી અસરકારક રીતે ઉપલબ્ધ્ધ બનશે. આ સીસ્ટમ તમામ શૈક્ષણિક માહિતી પર, તેમજ શૈક્ષણિક પ્રક્રિયા પર દેખરેખ તેમજ નિયંત્રણ કરવામાં મહત્વની પુરવાર થશે. આ કોમ્પ્યુટરાઈઝડ ડેટાબેઝ માહિતી દ્વારા માહિતીનો સંગ્રહ, પુન:પ્રાપ્તિ અને પૃથ્થકરણ કરી શકાશે. આ હેતુ માટે રાજ્ય તેમજ જિલ્લા કક્ષાએ મધ્યસ્થ કોમ્પ્યુટરાઈઝડ ડેટાબેઝ માહિતી કેન્દ્ર ઊભું કરવામાં આવેલ છે.

રાજ્યમાં હાલમાં પ્રાથમિક શાળાઓમાં ૬૦ લાખ જેટલા બાળકો અભ્યાસ કરી રહ્યા છે. આ સંખ્યા શાળા પ્રવેશોત્સવ અને લોકભાગીદારીના કારણે આગામી ૫ વર્ષમાં વધીને ૭૦ લાખ થવાનો અંદાજ છે. જે અન્વયે રાજ્યની પ્રાથમિક શાળાઓમાં આશરે ૧૮,૦૦૦ જેટલા શિક્ષકોની નિમણુંક થનાર છે. જે પૈકી ૧૫૦૦ શિક્ષકો આદિજાતિ વિસ્તાર માટે અને ૫૦૦ શિક્ષકો બિનઆદિજાતિ વિસ્તાર માટે સુચવવામાં આવેલ છે.

દશમી પંચવર્ષિય યોજના અંતર્ગત રાજ્યમાં આવેલી ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૫ થી ૭ની કન્યાઓને શાળા સમય દરમ્યાન સેનીટેશનની સુવિધા પુરી પાડવા માટે યોજના ચાલુ કરવામાં આવેલ હતી. આ યોજનાની અમલવારીના કારણે કન્યાઓના સ્થાયીકરણના દરમાં વધારો થવા પામેલ છે. વર્ષ ૨૦૦૬-૦૭ સુધીમાં રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ માટે અલગથી સ્વચ્છતા વિષયક સુવિધા પુરી પાડવાની યોજના હેઠળ શાળા સ્વચ્છતા સંકુલો ઉભા કરવામાં આવેલ છે.

વધુમાં, શાળામાં ભણતી કન્યાઓને ગ્રામ્ય બસોમાં વિનામૂલ્યે મુસાફરીની સુવિધા આપવામાં આવેલ છે. **"વિદ્યાદીપ વીમા યોજના"** હેઠળ પ્રાથમિક શાળાના અને આશ્રમ શાળાઓના મળી કુલ ૮૫ લાખ વિદ્યાર્થીઓને ₹ ૫૦,૦૦૦/- નું વીમાકવચ પૂરૂં પાડવામાં આવે છે.

**"વિદ્યાલક્ષ્મી"** યોજના અન્વયે કન્યા કેળવણીને ઉત્તેજન આપવાના હેતુસર રાજ્યની પ્રાથમિક શાળામાં ધો.૧માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને નર્મદા શ્રીનિધિના ₹ ૧૦૦૦/- ના બોન્ડ આપવા અંગેની **"વિદ્યાલક્ષ્મી"** યોજના વર્ષ ૨૦૦૨-૦૩ થી અમલમાં મુકવામાં આવેલ છે.

દર વર્ષે લગભગ એક લાખ અગરિયાના પરિવારો દરિયા કિનારાના અગર વિસ્તારોમાં અને કચ્છના નાના રણમાં તેમની આજીવિકા કમાવવા માટે સ્થળાંતર કરે છે અને વર્ષના આશરે છ થી આઠ માસ ત્યાંજ રહે છે. આ બાળકોનો શાળામાં નામાંકન કરવાના સરકારના

સઘન પ્રયાસો છતાં સ્થળાંતરનો લાંબો સમયગાળો આ બાળકોના શિક્ષણ માટે મુખ્ય અવરોધરૂપ બને છે.

રાજ્ય સરકારે રણ અને દરિયા કિનારાની અગર વિસ્તારની નજીકના બે કિલોમીટરના વિસ્તારમાં ૬ થી ૮ માસની મુદત માટે ૫૦ સહાયક શાળાઓ સ્થાપવાની નવી યોજના વર્ષ ૨૦૦૬-૦૭માં અમલમાં મુકી હતી. આ સહાયક શાળાઓ બાળકો જે ગામમાંથી આવે છે તેવી માતૃશાળાઓ અથવા સરકારી શાળા સાથે જોડવામાં આવશે જેથી બાળકો જ્યારે તેમના ગામમાં પાછાં ફરે ત્યારે તેમનું શાળેય શિક્ષણ ચાલુ રાખી શકે. અગરિયાના ૬ થી ૧૦ વર્ષની વયજૂથના તમામ બાળકોને તેમની સબંધિત શાળામાં અથવા શાળાની બહાર નામાંકન થયુ હોય કે નામાંકન ન થયુ હોય તો પણ આ યોજના હેઠળ લાભ મળશે. તેવી જ રીતે સમુદાયો માટે આવા સ્થળે આવા બાળકો માટે કેટલીક શાળાઓ શરૂ કરવામાં આવશે. સુચિત સહાયક શાળાઓ સરકારી અનુદાનની સહાયથી બિન સરકારી સંગઠનો દ્વારા ચલાવવામાં આવનાર છે.

વર્ષ ૨૦૦૬-૦૭માં આવી ૫૦ શાળાઓ શરૂ કરવામાં આવેલ હતી. તથા આગામી વર્ષોમાં બીજી નવી ૫૦ શાળાઓ શરૂ કરવા આયોજન કરવામાં આવેલ છે.

ગરીબ કટુંબોના ખાસ કરીને અગરિયા, શેરડીના કામદારોને આજીવિકા માટે દર વર્ષે સ્થળાંતર તથા અન્ય મજૂરોના બાળકોને સ્થળાંતર થઈને વર્ષના લગભગ ૬ થી ૮ માસ સુધી તેમના મા-બાપના કામ કરવાના સ્થળે રહેવું પડે છે. આ કુટુંબોનો સ્થળાંતરનો લાંબા સમયગાળો બાળકોના શિક્ષણ માટેનો મુખ્ય અવરોધ છે અને બાળકોએ શાળામાંથી અધવચ્ચે અભ્યાસ છોડવો પડે છે. આ સમસ્યાનો ઉકેલ શોધવા માટે રાજ્ય સરકારો ૧૦ થી ૧૪ વર્ષની વયજુથના (ધો. ૫ થી ૭) આ બાળકો માટે ૫૦ મોસમી છાત્રાલય ખોલવાની નવી યોજના હાથ ધરી મા-બાપના સ્થળાંતરના સમયગાળા દરમિયાન સંબંધિત ગામો/જુથોમાં બાળકો માટે મોસમી છાત્રાલયોની સવલત પુરી પાડવાનું આયોજન કરી શાળાની નજીક ૪૦ થી ૫૦ બાળકો રહી શકે તેવી જરૂરી ઉપલબ્ધ સુવિધાવાળા છાત્રાલયો શરૂ કરવામાં આવેલ છે. તથા આગામી વર્ષોમાં બીજી નવી ૫૦ છાત્રાલયો આયોજન કરવામાં આવે છે.

રાજ્યમાં પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણના લક્ષ્યની પૂર્તિ અર્થે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે લાંબાગાળાની આર્થિક ભાગીદારી સાથેના ભારત સરકારના મહત્વકાંક્ષી કાર્યક્રમ **“સર્વ શિક્ષા અભિયાન મિશન” (એસ.એસ.એ.એમ.)** ની અમલવારી પણ વર્ષ ૨૦૦૧-૦૨ થી કરવામાં આવી રહી છે.

શિક્ષક, શાળાના કેળવણી સહાયક નિરિક્ષકો, મુખ્ય શિક્ષકો, સાધનપ્રાપ્તિ કેન્દ્રોના સંકલન કર્તાઓ અને વહીવટી અધિકારીઓ, પ્રાથમિક તેમજ માધ્યમિક કક્ષાના બિન સરકારી અધિકારીઓને શિક્ષણની ગુણવત્તા સુધારવા યોગ્ય, સર્વગ્રાહી તાલીમ આપવામાં આવે છે.

શૈક્ષણિક માસિક સામયિક **"જીવન શિક્ષણ"** અને ત્રિમાસિક **"વિજ્ઞાન સેતુ"** ના પ્રકાશન દ્વારા શિક્ષકો અને નિરિક્ષકોની જાગૃતિ અને જ્ઞાનની સુધારણા દ્વારા શિક્ષણની ગુણવત્તા સુધારવાનું વિચારાયુ છે. આ બે સામાયિકો ઉપરાંત બધાજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો માસિક સામયિકો પ્રકાશિત કરશે અને તાલુકાની બધીજ શાળાઓમાં તેનું વિના મૂલ્યે વિતરણ કરશે.



સને ૨૦૦૨-૦૩ના નાણાંકીય વર્ષ દરમિયાન એક નૂતન અને મહત્વાકાંક્ષી યોજના : સી.ક્યુ.સી. એટલે કે કનેક્ટીવીટી (સંયોજકતા) શિક્ષણની ગુણવત્તા અને કોમ્પ્યુટર સાક્ષરતા યોજના : જેને માન. મુખ્યમંત્રીશ્રીએ **"જ્ઞાનરથ યોજના"** તરીકે જાહેર કરી છે. જે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના માર્ગદર્શન હેઠળ અમલમાં છે. આ પ્રકાશન અંતર્ગત સર્વે જિલ્લા શિક્ષણ તાલીમ ભવનો અને ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ને એકબીજા સાથે GSWAN અને VSAT પદ્ધતિ વડે જોડી દેવામાં આવશે. આ પદ્ધતિના ઉપયોગ દ્વારા વીડીયો કોન્ફરન્સ પણ યોજવામાં આવશે.

ગુજરાત રાજ્યની સ્થાપનાના સુવર્ણજયંતિ વર્ષમાં સાક્ષરતા દરને ૬૯.૧૪% થી ૮૦% સુધીની હરણફાળ ભરવા માટે તથા પરૂષ અને સ્ત્રી સાક્ષરતા દરો વચ્ચે ૨૦% થી ઓછો ઘટાડો કરવા **"અક્ષર સંસ્કાર પ્રકલ્પ"** યોજના શરૂ કરવામાં આવનાર છે. વધુમાં, શાળ-શિક્ષકોની શૈક્ષણિક સજ્જતા અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક ક્ષમતા તથા અભ્યાસની ગુણવત્તાની ચકાસણી અને ત્રુટિઓના ઉપાય કરવા **"ગુણોત્સવ"** કાર્યક્રમ યોજાયેલ છે જેમાં માન. મુખ્યમંત્રીશ્રીથી લઈને રાજ્ય/જિલ્લા કક્ષાના ઉચ્ચ અધિકારીઓ શાળા-શિક્ષક-વિદ્યાર્થીઓનું શૈક્ષણિક દ્રષ્ટિ એ મુલ્યાંકન કરવામાં આવે છે.